**ગુજરાત વિધુત નિયંત્રક આયોગ,**
**૬ઠો માળ, ગીફ્ટ-૧, રોડ ૫-સી, ઝોન-૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૩૫૫, ફોન.નં:૦૭૯-૨૩૬૦૨૦૦૦ Email : gerc@gercin.org,**
**Web-Site : www.gercin.org**

## "નામદાર આયોગ દ્વારા એપ્રિલ ૧, ૨૦૨૧ થી શરૂ થનાર પાંચ વર્ષીય નિયંત્રણ મુદત માટે ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૨૧ નો મુસદ્દો જાહેર કરવામાં આવે છે."

વિજળી અધિનિયમ,૨૦૦૩(૨૦૦૩ નો ૩૬મો)ની કલમ ૮૬(૧)(ક) અન્વયે ગુજરાત વિધૃત નિયંત્રક આયોગ ને રાજ્ય માં વીજ ઉત્પાદન,પ્રવહન, વિતરણ, વ્હીલીંગ, જથ્થાબંધ તથા છૂટક વીજ વપરાશ માટે પ્રશુલ્ક નિયમન કરવાની સત્તા આપવામાં આવેલી છે. પ્રવર્તમાન બહુવર્ષિય પ્રશુલ્ક વિનિયમો કે જે એપ્રિલ ૧, ૨૦૧૬ થી માર્ચ ૩૧, ૨૦૨૧ સુધીની મુદતનો સમાવેશ કરે છે  તે માર્ચ ૩૧, ૨૦૨૧ ના રોજ સમાપ્ત થઈ રહેલ છે. તેથી, એપ્રિલ ૧લી,૨૦૨૧ થી નવા બહુવર્ષિય પ્રશુલ્ક વિનિયમો લાગુ પાડવા અનિવાર્ય બની રહે છે.

તદનુસાર, ગુજરાત વિધુત નિયંત્રક આયોગ દ્વારા ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો -૨૦૨૧ અંગેનો મુસદ્દો તૈયાર કરેલ છે કે જે ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૧૬ ને રદ કરશે.

વિનિયમોની જટિલતા ને ધ્યાન માં લઇ ને તથા તેના પર વિગતવાર ચર્ચા ના હેતુસર,નામદાર આયોગ ગુજરાત વિધૃત નિયંત્રક આયોગ(બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૨૧ ને રસ ધરાવનાર વ્યક્તિ ઓ પાસેથી સૂચનો/ટિપ્પણીઓ/અભિપ્રાય મેળવવા હેતુસર જાહેર કરે છે.

અધિનિયમ,૨૦૦૩ પ્રશુલ્ક બંધારણ પરિબળો પ્રતિસ્પર્ધા,કાર્યક્ષમતા, સંસાધનોનો મિતવ્યયી ઉપયોગ,ઉચ્ચ કામગીરી તથા અધિકતમ રોકાણ ને પ્રોત્સાહિત કરે,સાથોસાથ ઉપભોક્તાઓના હિતોનું તથા વીજ કંપનીઓ ની નાણાંકીય સલામતીનું સંરક્ષણ પણ થાય તે મુજબ નું ચિંતન કરે છે. વિનિયમો તૈયાર કરતી વખતે આ બધાજ પરિબળો ને ધ્યાન માં લેવાયેલ છે, વિજળી અધિનિયમ,૨૦૦૩ કે જે સ્પર્ધાત્મક વાતાવરણમાં નવા વિભાજિત વીજક્ષેત્ર ની કામગીરી ના અધારભૂત સિધ્ધાંતનું પ્રતિપાદન કરે છે તે મૂળભૂત હેતુ ને ઉજાગર કરવા નામદાર આયોગ તેના બહુવર્ષિય પ્રશુલ્ક વિનિયમો ના મુસદ્દામાં નીચે દર્શાવેલ મુખ્ય વિશિષ્ટ લક્ષણો ઉપર ભાર આપે છે.

⇒ ગુ.વિ.નિ.આ (બહુવર્ષિય પ્રશુલ્ક)વિનિયમો,૨૦૨૧માં પ્રયોજિત વિવિધ નિયમો/જોગવાઇઓની સ્પષ્ટતા લાવવા હેતુસર કેટલીક **વ્યાખ્યાઓ**માં ફેરફાર અથવા નવીન વ્યાખ્યાઓનો ઉમેરો કરવામાં આવેલ છે.

⇒ કાર્યકારી મૂડી પરનું વ્યાજ,વહનખર્ચ વગેરેની ગણતરી માટે ઉપયોગ માં લેવાતા **આધાર દર (BASE RATE)** ને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) દ્વારા નિયત સમયે જાહેર કરવામા આવતા વાર્ષિક માર્જીનલ કોસ્ટ ઓફ ફન્ડ બેસ્ડ લેન્ડીંગ રેટ (MCLR) ની સાથે જોડવામાં આવે છે.

⇒ વીજ ઉત્પાદન કંપનીઓને તથા પ્રવહન પરવાનેદારને **નીચા પ્રશુલ્ક દર** લાદવાની પરવાનગી એ શરતો સાથે કે તફાવતની રકમ ની વસુલાત તેઓ ભવિષ્ય માં કરી શકશે નહીં - ની સાથે આપવામાં  આવી રહેલ છે.

⇒ વીજ ઉત્પાદન કંપનીઓ, પ્રવહન પરવાનેદાર,રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદાર દ્વારા IND AS હેઠળ તૈયાર કરવામાં આવતા નાણાંકીય હિસાબોને ARR ના ફોર્મેટ ની સાથેના **મેળવણી પત્રક** ની જરૂરિયાત ને અનિવાર્ય કરવામાં આવે છે.

⇒ **નિયંત્રણપાત્ર પરિબળો ને કારણે લાભ કે નુકશાનની વહેંચણી** ની કાર્યપધ્ધતિ માં ફેરફાર કરવામાં આવેલ છે કે જેમાં વધારે માત્રામાં લાભ ને પ્રશુલ્ક માં વળતળ તરીકે પસાર કરાશે તથા નુકશાનીના કિસ્સામાં નુકશાનીને વધારે માત્રામાં વીજ ઉત્પાદનકંપનીઓ,પરવાનેદારો તથા રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા નભાવવામાં આવશે.

⇒ પરફોર્મ, અચિવ અને ટ્રેડ(PAT) યોજના અંતર્ગત અથવા મળપાણી શુધ્ધિકરણ પ્લાન્ટ અથવા કુદરતી આપત્તી ની ઘટનાઓ અર્થે અથવા ભારત સરકાર દ્વારા નિર્દેષિત સુધારાયેલ પર્યાવરણ તથા કાનુની ધોરણો ને પાર પાડવા માટે કરાયેલ **મૂડીખર્ચ** ની દરખાસ્ત નામદાર આયોગ દ્વારા યથાપ્રસંગ વિચારણા કરી ને ધ્યાન પર લેવાશે.

⇒ વીજ ઉત્પાદન કંપનીઓ, પરવાનેદારો તથા રાજ્ય વીજભાર પરવાનગી કેન્દ્રને નિયંત્રક નિશ્ચિતતાઓ આપવા હેતુસર તથા બીજી બાજુ હિતાધિકારીઓ અને લાંબાગાળાના ગ્રાહકોને મૂડીરોકાણની અગાઉથી સૂચના આપવા હેતુસર, વિવિધ મૂડીખર્ચની યોજનામાં સમાવિષ્ટ મુખ્ય મૂડીરોકાણો માટે **સૈદ્ધાંતિક મંજૂરી મેળવવા માટેની કાર્યપધ્ધતિ** પ્રસ્તાવિત કરવામાં આવે છે. તદનુસાર, "પ્રસ્તાવિત મૂડિરોકાણ યોજનાઓની સૈદ્ધાંતિક મંજૂરી મેળવવાની માર્ગદર્શિકા" ને જાહેર કરવાની દરખાસ્ત કરવામાં આવે છે. વધુમાં, જે મૂડીખર્ચની યોજનાઓની કિંમત માર્ગદર્શિકામાં નિર્દિષ્ટ કિંમત કરતા ઓછી હોય અને બિન-વિગતવાર પરિયોજના અહેવાલ (NON-DPR) માં સમાવિષ્ટ થતી હોય તેવી યોજનાઓ માટેની કાર્યપ્રણાલીને વિનિયમોમાં સ્પષ્ટ કરવામાં આવે છે.

⇒ નવા વીજ ઉત્પાદન મથકો માટે **કામચલાઉ પ્રશુલ્ક** નક્કી કરવા માટેની અરજી દાખલ કરવાનો સમયગાળો વાણિજ્યિક સંચાલન ની અપેક્ષિત તારીખ ના એકસો એંશી (૧૮૦) દિવસ ને સ્થાને સાઇઠ (૬૦) દિવસ પહેલા-એમ સુધારો કરવામાં આવે છે.

⇒ **ડેબ્ટ-ઇક્વિટી ગુણોતરનું ધોરણ** ૭૦:૩૦ રહેશે. પરંતુ, નિયંત્રણ મુદતના કોઇ નાણાંકિય વર્ષ માટે એકંદર મહેસૂલી જરૂરિયાતના નિર્ણય અથવા તેના ટ્રુઇંગ-અપ કરતી વખતે, જો ભરપાઇની રકમ બાદ કરતા રહેતી પરિણામી એકંદર બાકી સાધારણ લોનની શેષ નકારાત્મક(શુન્યથી નીચે) રહેતી હોય તો, તે જ માત્રાથી તે વર્ષની ઇકિવટીમાં ઘટાડો કરાશે અને ત્યારબાદ ઇકિવટી પર રિટર્ન ની ગણતરી કરાશે.

⇒ **ઇકિવટી પરના રિટર્ન** ની મંજૂરી બે ભાગમાં આપવાની, એમ પ્રસ્તાવિત કરવામાં આવે છે. જેમકે, ઇક્વિટી પરનું પાયાનું રિટર્ન(Base) તથા વાસ્તવિક કામગીરી સાથે જોડાયેલ ઇક્વિટી પરનું વધારાનું રિટર્ન(Additional). વીજ ઉત્પાદન કંપનીઓ, પ્રવહન પરવાનેદાર તથા રાજ્ય વીજ ભાર રવાનગી કેન્દ્ર માટે ઇક્વિટી પરનું પાયાનું રિટર્ન ૧૩% ના દરે તથા વિતરણ પરવાનેદાર માટે ૧૩.૫૦% ના દરે અપાશે. ઇક્વિટી પરના વધારાના રિટર્ન ની મંજૂરી ટ્રુઇંગ-અપ વખતે કામગીરીના લક્ષ્યાંકોની પ્રાપ્તિને ધ્યાનમાં લઇને અપાશે.

⇒ **વ્યાજ અને નાણાં વ્યવસ્થા ખર્ચ** ધોરણોનુસાર મંજૂર કરવામાં આવશે અને જો વીજ ઉત્પાદન કંપનીઓ, પરવાનેદારો તથા રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર પાસે ખરેખરની લોન ન હોવાના કિસ્સાઓમાં, SBI દ્વારા નિર્ધારિત MCLR વત્તા ૧૫૦ મૂળભૂત પોઇન્ટને વ્યાજદર તરીકે માન્ય રાખવામાં આવશે.

⇒ વિવિધ પરિસ્થિતિઓમાં **લોનના પુનર્ધિરાણ** સબંધિત વિનિયમોમાં યોગ્ય સુધારાઓ વિશેષ સ્પષ્ટતાઓ લાવવા હેતુસર સુચવવામાં આવી રહેલ છે.

⇒ વિનિયમો-૨૦૨૧ અંગેના મુસદ્દામાં નિર્દિષ્ટ કરેલા દરે સીધી રેખાની પધ્ધતિ ને આધારે **ઘસારા ખર્ચ** ની વાર્ષિક ગણતરી કરાશે અને અસ્કયામતો ના માન્ય રખાયેલ મૂડીખર્ચ ના અધિકતમ ૯૦% સુધી માન્ય રખાશે. પરંતુ, IT તથા સોફ્ટવેર સંબધિત અસ્ક્યામતોનું બચાવ મૂલ્ય NIL (શૂન્ય) ગણવામાં આવશે તથા આવી અસ્ક્યામતોની માન્ય મૂડીખર્ચ ૧૦૦% સુધી ઘસારાધિન રહેશે. વિનિયમોમાં નિર્દિષ્ટ કરાયેલ ટોચ ની મર્યાદા ના દરોને આધિન વીજ ઉત્પાદન કંપનીઓ,પરવાનેદારો તથા રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર ને વિનિયમોમાં નિર્દિષ્ટ કરાયેલ ટોચ મર્યાદા ના દરો ને આધિન ઘસારાખર્ચ ના નીચા દરોના હક્કદાવા મેળવવા માટેનો વિકલ્પ આપવામાં આવે છે.

⇒ **કાર્યકારી મૂડી** ધોરણોનુસાર મંજૂર કરવામાં આવશે અને કાર્યકારી મૂડી પરનું વ્યાજ SBI-MCLR વત્તા ૨૫૦ મૂળભૂત પોઇન્ટ ને બદલે SBI-MCLR વત્તા ૧૫૦ મૂળભૂત પોઇન્ટ સમતુલ્ય દરે અપાશે. જોકે,વીજ ઉત્પાદન કંપનીઓ માટે કાર્યકારી મૂડી ટ્રુઇંગ-અપ વખતે ખરેખર ના બળતણ ના પુરવઠાની સ્થિતિ ના આધારે ગણવામાં આવશે.

⇒ **આવક પરના કરની મંજૂરી** અર્થે ઇક્વિટી પરના રીટર્ન ને ગ્રોસીંગ-અપ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવી રહ્યો છે કે જેમાં હિસાબી નફા પરની ખરેખર કરની ચૂકવણી ના આધારે નીકળેલ અસરકારક આવકવેરા ના દરથી ઇક્વિટી પરના રીટર્નના દરને ગ્રોસીંગ-અપ કરાશે.

⇒ **સંચાલન અને નિભાવ ખર્ચ** માટેના સિધ્ધાંતોમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે કે જેમાં સંચાલન અને નિભાવ ખર્ચ કાઢવા વૃધ્ધિ ફેકટર ને જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) અને ગ્રાહક ભાવ સૂચકાંક-ઉધ્યોગકર્મીઓ (CPI-IW) સાથે સાંકળવામાં આવે છે. નવા વીજ ઉત્પાદન એકમો માટે સુધારેલ ધોરણોની દરખાસ્ત કરવામાં આવે છે.

⇒ ઇકિવટી પરના રિટર્ન ને **પ્રોત્સાહન** સાથે સાંકળવામા આવશે જેથી વીજ કંપનીઓને વધારાના પ્રોત્સાહન ના ચૂકવણીની દરખાસ્ત નથી.

⇒ બળતણનો કાર્યક્ષમ ઉપયોગ થઇ શકે તથા ઉત્પાદન ખર્ચ નો મિતવ્યય કરી શકાય તે હેતુસર,વીજ ઉત્પાદન કંપનીઓએ **બળતણના ઉપયોજનની રૂપરેખા** તૈયાર કરી નામદાર આયોગની મંજૂરી અર્થે મૂકવાની રહેશે.

⇒ **વીજળીખર્ચ** ની ગણતરી માટે વીજ ઉત્પાદન એકમ પર કોલસાનો સંગ્રહ કરતા હોવાને કારણે કોલસા ના કેલરોફિક મૂલ્ય માં થતા નુકશાન ને ધ્યાન પર લઈ પીટ-હેડ મથકો માટે 85 kcal/Kg તથા બિન પીટ-હેડ મથકો માટે 120 kcal/Kg ના સ્ટેકિંગ નુકશાનના ધોરણો ઘડવામાં આવે છે. વધુમાં,ઉચ્ચ કાર્યક્ષમતા ની ખાતરી મેળવવા તથા કોલસાની યોગ્ય ગુણવત્તા નો હિસાબ જળવાઇ રહે તે હેતુસર ત્રાહિત પક્ષકાર દ્વારા પ્રતિચયન કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવે છે. તે ઉપરાંત, વીજળી ખર્ચની ગણતરી કરતી વખતે વિલંબ શુલ્કને નામંજૂર કરવામાં આવશે.

⇒ વીજ ઉત્પાદન કંપનીઓ માટે અનુસૂચિ થી વિચલન થવાને કારણે કોઇપણ UI ખર્ચ તથા વધારાનો UI ખર્ચ વિચલન વ્યવસ્થાપન તંત્ર (DSM) અંતર્ગત **વિચલન ખર્ચ** તરીકે પસાર કરવામાં આવશે નહીં અને વિતરણ પરવાનેદારને માત્ર,મેળવેલ અથવા ચૂકવેલ એકંદર વિચલન ખર્ચ પસાર કરવાની મંજૂરી આપવામાં આવશે.

⇒ **વીજ ઉત્પાદન કાર્યમાં બેકીંગ ડાઉન** સબંધિત અવરોધને ધ્યાનમાં લઈને વળતળ માટેની સમર્થનકારી જોગવાઈની પ્રસ્તાવના કરવામાં આવે છે કે જેમાં, જો વીજ ઉત્પાદન કંપની ને

બેકીંગ ડાઉન ની સૂચના અપાયેલ હોય તો તેને કારણે કામગીરીના પરિબળો જેવા કે મથકો નો એકંદર ઉષ્મા દર, સહાયક વપરાશ અને ગૌણ-બળતણ તેલ વપરાશ પર થનાર અસરોને નામદાર આયોગ યથાપ્રસંગ ધ્યાન પર લેશે.

⇒ **પ્રવહન શુલ્ક ના માળખા**ના અમલીકરણ ની પધ્ધતિ કે.વિ.નિ.આ. (CERC) ની હરોળ માં કરવા માટે સમર્થકારી જોગવાઇઓનો ઉમેરો કરવામાં આવે છે.

⇒ **રાજ્ય વીજ ભાર રવાનગી કેન્દ્ર માટેના પ્રશુલ્ક ઘટકો**માં RLDC હકસાઇ, WRPC ના ખર્ચ તથા ULDC અને SCADA ના સુધારા માટેના ખર્ચનો ઉમેરો કરવામાં આવે છે.

⇒ બહુ વર્ષીય પ્રશુલ્ક વિનિયમો અંગે ના મુસદ્દા માં **LDC વિકાસ ભંડોળ**ની રચના સંબધિત પધ્ધતિ પ્રયોજિત કરવામાં આવે છે.

⇒ **આકસ્મિક અનામત ના રોકાણ** ને વ્યાજ અર્જિત કરનારી મુખ્યત્વે સરકારી જામીનગીરીઓ કે જે બજાર સાથે જોડાયેલ ન હોય ત્યાં સુધી મર્યાદિત કરવામાં આવે છે.

⇒ વીજળી અધિનિયમ, ૨૦૦૩ ની કલમ ૫૧ અંતર્ગત **અન્ય ધંધામાંથી મેળવેલ આવક ની હિસ્સેદારી** મહેસુલના બે તૃતીયાંશ થી મહેસૂલ ના અડધા-એમ સુધારો કરવામાં આવે છે.

⇒ નિર્દિષ્ટ શરતો ની પૂર્તિ બાદ વિતરણ પરવાનેદાર ને **અધિક વીજળી પ્રાપ્તિ**ની મંજૂરી આપવામાં આવશે.

⇒ **બળતણ ની કિંમત અને વીજળી પ્રાપ્તિ ના સમાયોજન** (FPPPA)ને બહુવર્ષિય પ્રશુલ્કના ભાગ તરીકે મૂકવામાં આવે છે તથા તેને સંબધિત જોગવાઇઓને સમાવિષ્ટ કરવામાં આવે છે.